જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૧/૧૦/૨૦૨૩ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૩૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૯૬ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૧૧ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૪૪,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૩૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી - સમાચાર યાદી નં.૧૭૩૪/૨૦૨૩

**વટવા જીઆઇડીસીઃ** રાયચંદભાઇ વિરાભાઇ ખણુચીયા (ઉ.વ.૬૫)(રહે.આમ્રવન સોસાયટી, શ્યામલ ચાર રસ્તા, સેટેલાઇટ) એ તા.૨૦/૧૦/૨૦૨૩ ના રોજ વટવા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૫/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન જી.આઈ.ડી.સી.વટવા ફેઝ-૪, પ્લોટ નં.૬૨૪ "સ્વાતી ફાર્મા કેમીકલ્સ" કંપની ખાતે આરોપી સંદિપ શંકરલાલ સૈની (રહે.ગાલા નં-૩૨૧, ડાયમંડ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કેતકી પાડા, દહીસર, મંબઇ, મહારાષ્ટ્ર) એ રાયચંદભાઇ પાસેથી ઓનલાઈન ઈ-મેઈલ દ્વારા દવાની બનાવટ માટે નો ઓર્ડર આપી, તે ઓર્ડરની ચુકવણી પેટે ૪૦ ટકા પેમેન્ટ એડવાન્સ ચુકવી દઇ રાયચંદભાઇને વિશ્વાસમાં લઇ અલગ-અલગ પરચેસ ઓર્ડર મુજબ માલ મેળવી લઇ તે પેટે ચુકવણી સારૂ આપેલ ચેક બેંકમાં ભરતા ચેક રીટર્ન થયેલ હોઇ માલના ચુકવણીના બાકી નાણા કુલ રૂપિયા ૧૫,૭૮,૩૬૮/- નહી ચુકવી રાયચંદભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૩૫/૨૦૨૩</u>**

**નારોલઃ** ચંદ્રેશભાઇ શંકરભાઇ પાલીયા (ઉ.વ.૩૭)(રહે.વિનાયક એલીગન્સ બોપલ-ઘુમા રોડ ઘુમા) એ તા.૨૦/૧૦/૨૦૨૩ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૯/૨૦૨૩ ના કલાક ૦૦/૧૫ થી તા.૧૦/૧૦/૨૦૨૩ ના કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન નારોલ પીપળજ પીરાણા રોડ ખાતે આવેલ દેવરાજ ઇન્ડસ્ટ્રીલ પાર્કમા પ્લોટ નંબર-૧૪૭, ૧૪૮ નુ-વુ. કોનએર પ્રા.લિ. કંપનીના પ્રોડક્શન વિભાગના ખુલ્લા પ્લોટમાંથી (૧) કોપર પાઇપ કિંમત રૂપિયા ૨,૨૯,૦૦૦/- (૨) કોપરના કોર વાયર રોલ નંગ-૫૦ કિંમત રૂપિયા ૩,૭૯,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૦૮,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વાય.પઠાણ ચલાવે છે.

**<u>અપમૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૩૬/૨૦૨૩</u>**

**સરખેજઃ** પ્રેમનારાયણ પેલવાન કુશવા (ઉ.વ.૪૯)(રહે.શક્તિનગર સુર્યાભાઇની ચાલીની સામે પીપળજ નારોલ મુળ વતનઃ ગામઃ-કરેરા તા.જીઃ-શીવપુરી મધ્યપ્રદેશ) નાઓ તા.૧૯/૧૦/૨૦૨૩ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે બોપલ બ્રીજની બાજુમાં ઇસ્કોન પ્લેટીનીયમ ફલેટ સામે આવેલ "ઇન્દ્રપ્રસ્ત શિવાંન્તા" નામની નવી બનતી સાઇડ ખાતે "મટીરીયલ લીફટ" માં સત્તરમાં માળે મજુરીકામ કરતા હતા ત્યારે અચાનક લીફટનુ સેફટી લોક ખુલી જતા, લીફટ તેરમાં માળે આવીને અટકી જતા પ્રેમનારાયણને લીફટની ફ્રેમ વાગતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સરખેજ શ્રેય હોસ્પીટલ ખાતે લાવતા બપોરના ૪/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.કે.ગૌસ્વામી ચલાવે છે.

**નિકોલઃ** નિકોલ ખાતે નવી બનતી "તુલીપ રેસિડેન્સી" સાઈડ ખાતે રહેતા અને ત્યાંજ મજુરીકામ કરતા મનોજભાઇ પ્રભુભાઈ નીનામા (ઉ.વ.૨૬)(મુળ વતનઃ ગામઃ-ઈસરવાલા તાઃ-નોડા, જીઃ-બાંસવાડા, રાજસ્થાન) તા.૨૦/૧૦/૨૦૨૩ ના કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે તુલીપ રેસિડેન્સી સાઈડના ચોથા માળે થી પગ લપસી જતા નીચે ભોંયતળીયે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા કલાક ૨/૫૦ ફરજ પરના ડૉ.શ્રીએ મનોજભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મેહુલકુમાર અમૃતલાલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૩૭/૨૦૨૩</u>**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** પિયુષકુમાર કમલેશભાઈ શ્રીમાળી (ઉ.વ.૧૮)(રહે.કે.કા.પીતાંબર ની ચાલી, ગ્રીનક્રોસ સોસાયટી બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૦/૨૦૨૩ સવારના ૯/૨૦ વાગ્યા પહેલા નદીના પશ્ચિમ કિનારે એન.આઈ.ડી પાછળ રીવરફ્રન્ટ વોક-વે, ઘાટ સીડી નંબર-૪૮ ખાતે નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

**ચાંદખેડાઃ** મૌલિકભાઇ ઉર્ફે કાલુ સ/ઓ કિશનભાઇ સક્સેના (ઉ.વ.૨૬)(રહે.આકાશદીપ સોસાયટી IOC રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૦/૨૦૨૩ રાતના ૧૧/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ લેતા સારવાર માટે તેમને SMS હોસ્પીટલ ખાતે લાવતા તા.૨૦/૧૦/૨૦૨૩ ના કલાક ૦૦/૨૦ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જયંતીભાઇ ચલાવે છે.

**શહેરકોટડાઃ** પ્રકાશભાઇ રમેશભાઇ પટણી (ઉ.વ.૨૦)(રહે. બાઇ નર્મદાબેનની ચાલી પંજાબ સોસાયટી સામે ચમનપુરા) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૦/૨૦૨૩ સાંજના ૫/30 વાગ્યાના સુમારે બાપુનગર અનિલ સ્ટાર્ચ મીલ સામે અશોકમીલની જુની ચાલી ખાતે આવેલ મકાનમાં છતના લાકડાના મોભ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સુરેન્દ્રસિંહ રતનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી